**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જ્યુડીશનલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ,**
**(કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ફોજદારી કેસ નંબર : ૭૧૫૦૮/૨૦૨૫**

## 7. Finding of the Case :

આ કામનાં આરોપી સામે બી.એન.એસ કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે. તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે. તેઓની રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને આર્થિક પરિસ્થિતિ સારી નથી. ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરે છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહીં કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિં કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજુઆત કરેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજુઆત તથા કબુલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતાં તેમજ ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧)જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત –વિરૂધ્ધ– નટવર હરીશચંદ્રજી ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેના વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોઈ, ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ : ૨૫૨ અન્વયે બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબનાં ગુના માટે તકસીરવાર ઠરાવી તમામ કલમો અંગે સયુંકત રીતે રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરે તો દિન–૧(એક)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યિલ સીટીંગમાં અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૯/૦૪/૨૦૨૫
અમદાવાદ

**(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)**
૯ માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
**(કોડ નં.જીજે ૦૦૯૨૫)**